મોડાસા નવજીવન ચોકમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

મોડાસા, તા. ૨ અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં પાણીના ટીપે ટીપા માટે પ્રજાજનો વલખા મારી રહ્યા છે. મોડાસા શહેરમાં પણ નગરપાલિકા તંત્રએ પાણીમાં કાપ મૂકી એકાંતરે આપવાનું શરુ કર્યું છે. ત્યારે નગરપાલિકાની બેદરકારીના પગલે નવજીવન ચોકમાં પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ સાથે પાણી નવજીવન ચોકની દુકાનોમાં ઘુસતા માલસામાનની નુકશાન પહોંચતા દુકાનદારો દોડી આવી મોટર લગાવી પાણી ઉલેચવાની નોબત આવી હતી.

મોડાસાના વેપારીઓ માટે હાર્દ સમાન નવજીવન ચોકમાં ગુરુવારે વહેલી સવારે નગરપાલિકાની પીવાના પાણી પૂરું પાડતી પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા નવજીવન ચોકમાં બંબાકારની સ્થિતિનું નિર્માણ થતા ભર ઉનાળે અષાઢી માહોલ સર્જાયો હતો. પાણી આજુબાજુમાં આવેલી દુકાનોમાં ઘુસતા વેપારીઓ વહેલી સવારે ઉંઘમાંથી ઉઠી પરિવાર સાથે દોડી આવ્યા હતા. એક ફૂટથી વધારે પાણી ભરાતા મોટર લગાવી પાણી ઉલેચવાની નોબત આવતા અને દુકાનોમાં રહેલો માલ સમાન પલળી જતા દુકાનદારોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો હતો.

એકબાજુ નગરપાલિકા તંત્રએ શહેરીજનોને દરરોજ પુરા પાડવામાં આવતા દૈનિક જથ્થામાં કાપ મૂકી એકાંતરે પાણી આપવાનું શરુ કરાયું છે, બીજી બાજુ મોડાસા નગરપાલિકા તંત્રની મોડાસા નગરમાં પીવાના પુરા પડતા જથ્થાની પાઈપલાઈનમાં વારંવાર ભંગાણ સર્જાતા અને પાણીનો વ્યય થતા નગરપાલિકાની કામગીરી સામે અનેક પ્રશ્નાર્થ ઉભા થયા છે.

શિહોરી નજીક એસ્સાર પેટ્રોલ પમ્પ પાસે અકસ્માત

બાઈક અને કાર વચ્ચે અકસ્માત બાદ બાઈકચાલકની હાલત અત્યંત ગંભીર ઈજા થતાં પાટણ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો. ગાડીમાં ડાયવર સીટ ઉપર ખાખી વર્ધિ દેખાતાં તેમજ બોનેટ ઉપર સરકારી કેપ ને લઈ લોકો ના ટોળા એકઠાં થયા. સરકારી કર્મચારીની ગાડીએ બાઈકચાલકને પાછળથી જોરદાર ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો. થરાથી શિહોરી તરફ આવી રહેલા બાઈકને કારવાળાએ પાછળથી ટક્કર મારી ગંભીર રીતે ઘાયલ કરતાં બાઈકચાલક સીરીયસ. અકસ્માત બાબતે એક જાગૃત પત્રકારે શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. અકસ્માત સર્જનાર થાવર ચેકપોસ્ટ અધિકારી હોવાનું જાણવા મળ્યું છે ત્યારે શિહોરી પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

મોડાસા શહેરમાં ભરબપોરે રહેણાંક વિસ્તારમાં મોબાઈલ ઝૂંટવી લૂંટારૂ ફરાર

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં પોલીસતંત્રની સરેઆમ નિષ્ફળતાના કારણે ગુનેગારો બેખૌફ બનીને રોજેરોજ ચોરી, લૂંટની ઘટનાને અંજામ આપી રહ્યા છે. મોડાસા શહેરના કડીયાવાડા વિસ્તારમાંથી પસાર થતી મહિલાને ધક્કો મારી મોબાઈલની લૂંટ કરી મોબાઈલ ચોર રફુચક્કર થઈ જતા મહિલા હાફળી ફાફળી બની હતી.

મેગાસિટીમાં રાહદારીઓ અને વોકિંગમાં નીકળેલા પ્રજાજનોના હાથમાંથી મોબાઈલ ઝુંટવી લેવાની અનેક ઘટનાઓ બનતી હોય છે. ત્યારે મેગાસિટીમાં બનતી ઘટના જેવી ઘટના મોડાસા શહેરમાં બનતા મહિલાઓ અને નગરજનોમાં ફફડાટ ફેલાયો છે.

મોડાસાના કોટાકડી ભાગોળ ટીંબા વિસ્તારમાં રહેતી નસીમબેન ઉસ્માનગની સદા કામકાજ અર્થે નીકળ્યા હતા. ભરચક રહેણાંક વિસ્તાર એવા કડીયાવાડા રોડથી સૂકા બજાર તરફ પસાર થતા હતા ત્યારે મોબાઈલ ચોર સમડીની માફક ત્રાટકી મહિલાને ધક્કો મારી મહિલાના હાથમાંથી ખાનગી કંપનીનો રૂ.૧૨ હજારનો સ્માર્ટ મોબાઈલ લઈ ફરાર થઈ જતા મહિલાએ બુમાબુમ કરી મુકતા આજુબાજુમાંથી લોકો દોડી આવ્યા હતા. મોબાઈલ ચોર લૂંટ ચલાવી ફરાર થઈ જવામાં સફળ રહેતા મહિલા રડમસ બની હતી. મોબાઈલ લૂંટની ઘટનાનો ભોગ બનેલી મોડાસા પોલીસસ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા પહોંચતા મહિલાની ફરિયાદ લેવાના બદલે સાદા કાગળ પર અરજી લઈ રવાના કરી દીધી હતી.

પ્રાંતિજ ખાતે પુસ્તક વિમોચન સમારંભ યોજાયો

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર દ્વારા સંચાલિત શ્રીમતી આર.જી.પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી.પટેલ કન્યા ઉ.મા.શાળા સેકટર-૨૩ ગાંધીનગર ખાતે સેવા બજાવતા ઉ. મા. વિભાગના ગુજરાતી વિષયના શિક્ષક જશુભાઈ એચ સુતરીયા દ્વારા ગુજરાતના અનુસૂચિત જાતિ માટે લખાયેલા સાહિત્યના નવલા નજરાણા સમા 'નુતન રાહ' પુસ્તકનો વિમોચન સમારંભ રવિવારના રોજ પ્રાંતિજ ખાતે આવેલા શ્રી માર્કંડેશ્વર મહાદેવ હોલમાં પુસ્તક વિમોચન સમારોહ યોજાયો હતો. જેમાં સમારંભના અધ્યક્ષ તરીકે ડો. ડી એમ. ભદ્રેસરિયા, ડી એમ સોલંકી, આર કે મકવાણા, એ કે પરમાર, એમ ડી પરમાર, હરેશભાઈ પલ્લાચર્યા, હરેશભાઈ સુતરીયા તેમજ સમાજમાંથી ઉપસ્થિત આગેવાનો સ્નેહીજનો અને મિત્રો ઉપસ્થિત રહ્યા હતા આમંત્રણ મહેમાનોએ લેખક જસુભાઈ દ્વારા પ્રકાશિત પુસ્તક સમાજમાં જાગૃતિ લાવવા પ્રેરક બની રહે છે અને પ્રચાર પ્રસાર પામે તેવી સુભાષિત પાઠવે હતા.

ધાનેરાના ભાટિબ ગામે ૧૨ વર્ષીય બાળકને પેટ્રોલ છાંટી સળગાવ્યું

ધાનેરા તાલુકા ના ભાટિબ ગામે અંગત અદાવત ના કારણે બાર વર્ષીય ભરત નામના બાળક પર પેટ્રોલ છાંટી ને આગચાંપી કરવામાં આવતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે.

ધાનેરા તાલુકાના ભાટિબ ગામે વર્ષો પહેલા થયેલ મર્ડરની બાબતને લઈને આજે બાર વર્ષીય બાળક પર પેટ્રોલ છાંટીને આગ ચાંપીની ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે જે બાબતે ધાનેરા પોલીસ મથકે ભાટિબ ગામના મોડજી પ્રભુજી રાજપૂત, ઈન્દ્રજી પ્રભુજી રાજપૂત અને રણાજી પ્રભુજી રાજપૂત વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઘટનાને સવારે છ વાગ્યાની આસપાસ અંજામ આપવામાં આવ્યો છે બાર વર્ષીય ભરત નામના બાળક પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી કરવામાં આવી અને સાથોસાથ દરિયાબેન રાજપૂત નામક મહિલાનું ગાદલું સળગાવવાની વિગત ફરિયાદમાં નોંધાવેલ છે બીજી તરફ બાળકની હાલત ગંભીર હોવાથી ધાનેરા રેફરલથી પાલનપુર સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો છે ધાનેરા પોલીસે ત્રણ ઈસમો વિરુદ્ધ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઘટનાએ લઈ સમગ્ર ધાનેરા શહેરમાં ચકચાર મચી જવા પામી હતી.

કોંગ્રેસ વિધાનસભાના દંડક અશ્વિન કોટવાલ પર ધવલસિંહ ઝાલાએ આકરા પ્રહારો કર્યા : સમાજની માફી માગવી પડશે

રાધનપુરના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે કોંગ્રેસ પક્ષના તમામ પદો પરથી રાજીનામુ ધરી દેતા અને બનાસકાંઠા અને પાટણ લોકસભા બેઠકની ચૂંટણીમાં જે રીતે અલ્પેશ ઠાકોરે લોકસભાની ચૂંટણીના ખરા સમયે કોંગ્રેસ પક્ષ સાથે દ્રોહ કર્યો એ પછી કોંગ્રેસે અલ્પેશનું ધારાસભ્ય રદ્દ કરવા માટે વિધાનસભા સમક્ષ રજૂઆત કરી હતી. ત્યારે તેમના સાથી બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને ભરત ઠાકોરે બંને ધારાસભ્યોએ પોતાનું ધારાસભ્ય પદ ના જાય તે માટે કોંગ્રેસની પ્રદેશ નેતાગીરી સમક્ષ આજીજી કરી હોવાની માહિતી વહેતી થતા બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ કોંગ્રેસના દંડક અને ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ સામે બાયો ચઢાવી તેમને ક્ષત્રિય ઠાકોર સમાજની માફી માંગવી પડશે તેમ જણાવી તેવો દબંગ ધારાસભ્ય હોવાનું જણાવ્યું હતું.

બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ ગાંધીનગર સમાચારનાના પ્રતિનિધિને જણાવ્યું હતું કે અશ્વિનભાઈ કોટવાલ વિધાનસભાના દંડક હોવા છતાં કેટલા ધારાસભ્યો છે કોંગ્રેસના એ ખબર ન હોય તેમ બે માણસો તરીકે ઉલ્લેખ કરતા અને ધવલસિંહ ઝાલા અને ભરત ઠાકોરે સામે જે પ્રકારે ઉચ્ચારણ કર્યું છે તેનાથી સમગ્ર ક્ષત્રિય-ઠાકોર સમાજનું અપમાન કર્યું છે અને બંને ધારાસભ્યોએ પક્ષ વિરુદ્ધ કામ કર્યું હોવાની માહિતી મળવા માણસો કામે લગાડ્યા હોવાની અને ઓડિયો કલીપ મેળવવા ૫૦ માણસો અમારા વિસ્તારમાં કામે લગાડ્યા હોવાનું જણાવી તમે અમારી અને અમારા સમાજની ચિંતા કાર્ય વગર અશ્વિન કોટવાલ ખેડબ્રહ્મામાં ત્રણ ટર્મ ચૂંટાયેલા છે તો તેમને તેમના સમાજ માટે શુ કર્યું તે જણાવે..? અને અમારા સમાજના મતો પણ અશ્વિન કોટવાલને જીતને મદદરૂપ બનેલા છે. અમે દબંગ ધારાસભ્ય છીએ અને પાછલા બારણેથી ફાઈલો સપ્લાય કરવાનું કામ કરતા નથી અને ૨૩ મે ૨૦૧૯ ના દિવસે ખબર પડી જશે કે ખેડબ્રહ્મામાંથી કોંગ્રેસના કેટલા મતો મળશે અને મત ઓછા મળશે તો કોંગ્રેસ શું એક્શન લેશે તેની પણ ખબર પડશે અમે પદ માટે આજીજી કરવા વાળા નથી અને કોઈ પદની લાલસા પણ ન હોવાનું જણાવી સમાજ માટે પદનું બલિદાન પણ આપવા સતત તૈયાર રહેતા હોવાનું જણાવ્યું હતું.

બાયડના ધારાસભ્ય ધવલસિંહ ઝાલાએ અલ્પેશ ઠાકોરના સમર્થનમાં છો કે નહિ તે કહેવા અંગે મગનું નામ મરી પાડવાનું મુનાસીબ માન્યું ન હતુ.

સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા આંતકી મસુદ અઝહરને આંતરરાષ્ટ્રીય આંતકવાદી જાહેર કરાતા

પાલનપુર શહેર ભાજપ દ્વારા ફટાકડા ફોડી નિર્યણને આવકાર્યો

સંયુક્ત રાષ્ટ્રસંઘ યુએન દ્વારા ગઈકાલે પાકિસ્તાની આંતકવાદી મસુદ અઝહરને આંતરરાષ્ટ્રીય આતંકી જાહેર કરવામાં આવ્યો છે જેને લઈ જિલ્લા

મથક પાલનપુર ખાતે શહેરના હાર્દસમાં ગણાતા વિસ્તાર ગુરુનાનક ચોક ખાતે ફટાકડા ફોડયા હતા અને પાકિસ્તાન મુરદાબાદ, આંતકવાદ મુરદાબાદ ના નારા લગાવી નિર્યણને આવકાર્યો હતો. આ પ્રંસગે જિલ્લા ભાજપના મહામંત્રી અમરતભાઈ દવે, પુર્વ ધારાસભ્ય કાંતિભાઈ કચોરીયા, શહેર ભાજપ પ્રમુખ મુન્નાલાલ ગુપ્તા, યુવા મોરચા શહેર પ્રમુખ અશોકભાઈ પટેલ, પાલિકા સદસ્ય હસમુખભાઈ પઢીયાર સહિત પાલિકા સદસ્યો અને ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ખેડબ્રહ્મા શહેરમાં ચેક રિટર્ન કેસમાં ખેડબ્રહ્મા કોર્ટે સજા ફટકારી

ખેડબ્રહ્માની એડિશનલ ચીફ જ્યૂડી. મેજીસ્ટ્રેટે બેંકની લૉન લઈ તેની અવેજમાં ચેક આપી ખાતામાં પૂરતું ભાંડોળ ન રાખતા ચેક રિટન થતા કોર્ટ આરોપીને એક વરસની સજા ફટકારી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના ભૂતિયા ગામના જગુભાઈ અનાભાઈ ખરાડી દસ વર્ષ અગાઉ ખેડબ્રહ્માની દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસેથી ટ્રેક્ટર મેળવવા માટે લૉન રૂ. ૩,૫૦,૦૦૦ મેળવી હતી. લૉન લેતી વખતે જગુભાઈએ જરૂરી કરાર અને દસ્તાબેજ કરી આપ્યા હતા. પરંતુ લૉન લીધા બાદ નિયમિત લોનના હપ્તા ન ભરતા બેન્ક દ્વારા જગુભાઈને વારંવાર રજુઆત કરી હતી જેથી તેઓએ બેન્કમાં આવી લૉન એકાઉન્ટનો તામામ દેવું ચૂકતે કરવા સારું બેંકને રૂ. ૩,૭૯,૯૨૩ રૂપિયાનો તા.૨૨.૧૨.૦૯નો દેના ગુજરાત ગ્રામીણ બેન્કનો ચેક ન. ૧૬૮૦૯૦૨ બેન્કની આપેલ અને વિશ્વાસ આપેલ કે પાકતી તારીખે ચેક સ્વીકારે જશે જેથી બેન્કે પાકતી તારીખે ચેક બેંકમાં રાજુ કરેલ અને જગુભાઈના ખાતામાં ચેકમાં લખેલ રકમ જેટલું ભાંડોર ન હોઈ ચેક સ્વીકારાયેલ ન હતું. જેથી બેન્કે જગુભાઈને જાણ કરવા છતાં બેંક ના પૈસા ન ભરતા બેંક મેનેજર સોની જસવંતલાલ ભોગીલાલ ઘૂવારા ખેડબ્રહ્મા કોર્ટમાં ફરિયાદ કરતા કોર્ટે ફરિયાદીના વકીલ વીરલ વોરાની દલીલો ગ્રાહ્ય રાખી જગુભાઈને એક વર્ષની સાદી સજા અને ૫૦૦૦ નો દંડ અને દંડ ન ભરેં તો ૧૫ દિવસની વધુ સાદી સજા ફતકારી હતી સજા ફટકારતા ખેડબ્રહ્મામાં ચેક પર પૈસા લાઇ પરત ન કરતાં ઈસમોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

મહેસાણા જિલ્લામાં ઓગષ્ટ સુધી ચાલે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ

મહેસાણા, તા. ૨ મહેસાણા જિલ્લા પ્રભારીમંત્રી વિભાવરીબેન દવેએ જિલ્લામાં પીવાના પાણીની સમીક્ષાની બેઠકમાં જણાવ્યું હતું કે આગામી ઓગષ્ટ સુધી પીવાના પાણીની કોઈ જ સમસ્યા ઊભી ન થાય તેવું સઘન આયોજન કરાયું છે. તેમણે ઉમેર્યું હતું કે જે ગામોમાં પીવાના પાણીની સમસ્યા છે તેવા ગામોમાં તાકીદના ધોરણે પગલાં લેવાશે.

પ્રભારીમંત્રી વિભાવરીબેન દવેએ જણાવ્યું હતું કે જિલ્લામાં ૨૬ નવીન ટ્યુબવેલની મંજુરી અપાઈ છે જેમાંથી ૬ કામો પુર્ણ કરાયા છે. આ ઉપરાંત ૨૧ સ્થળોએ નવીન પમ્પીંગ સ્ટેશન સહિત આનુષંગિક કામો માટે મંજુરી અપાઈ છે. આ

ઉપરાંત જિલ્લાના ૩૪ ગામોમાં નવીન ટ્યુબવેલની સિધ્ધાંતિક મંજુરી અપાઈ છે. તેમણે ઉમેર્યું હતું કે આજની બેઠકમાં ૨૩ જગ્યાએ નવીન ટ્યુબવેલની માંગણી સંદર્ભે ઝડપતી મંજુરી મળે તે પ્રમાણેની કાર્યવાહી કરવા જણાવ્યું છે.

પ્રભારીમંત્રીએ ઉપસ્થિત અધિકારીઓને જિલ્લામાં જરૂરીયાત મુજબ માંગણી થયેલ ગામોને સર્વે કરી ટેન્કરથી પાણી આપવા ખાસ તાકીદ કરી હતી. આ ઉપરાતં પીવાના પાણીના પ્રશ્નોને પ્રાથમિકતા આપવા તાકીદ કરી હતી.

મહેસાણા જિલ્લાના ૬૦૦ ગામો તથા ૭ શહેરો પૈકી ૩૫૦ ગામો ૩ શહેરોનો સમાવેશ નર્મદા કેનાલ આધારિત અલગ અલગ ત્રણ જુથ યોજનામાં કરેલ છે. જ્યારે ૨૫૦ ગામો, ૪ શેહરોનો સમાવેશ ધરોઇ ડેમ આધારીત જુથ પાણી પુરવઠા યોજનામાં કરેલ છે. જિલ્લાના ગામો અને શહેરોને અલગ અલગ ચાર જુથ યોજનામાં આવરી લેવામાં આવેલ છે. જેમાં પીવાનો દૈનિક ૨૧૦ એમ.એલ. જેટલો પાણી પુરવઠો પુરો પડાઇ રહ્યો છે.

જિલ્લામાં સ્વૈચ્છિક કારણોસર પાણી નથી લેતા તેવા ૧૨૮ ગામો તેમજ ૯૦ ગામોને તાંત્રિક કારણોસર મળી કુલ ૨૧૮ ગામો સ્થાનિક બોરમાંથી પીવાનું પાણી મેળવે છે. જે ગામમાં બોર નિષ્ફળ જાય અથવા પર્પીંગ મશીનરી જરૂરીયાત જણાય તો રીજુવિનેશન કાર્યક્રમ તળે કામો કરવામાં આવે છે.

જિલ્લામાં સુચિત અછત માસ્ટર પ્લાન તળે ૫૨ ગામોમાં ૫૨ નવીન ટ્યુબવેલ તેમજ ૩૯ નવીન પંપિગ મશીનરી સહિત જુથ યોજના સુધારણા કામોનું આયોજન રૂ.૧૨૫૦ લાખના ખર્ચે કરવામાં આવી રહેલ છે.

પ્રાંતિજ પોલીસની હદમાંથી પકડાયેલ વિદેશી દારૂનો નાશ કરાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાંથી પકડાયેલ ૧,૩૪,૩૮,૮૩૯નો વિદેશી દારૂનો નાશ હિંમતનગર ખાતે લઈ જઈને કરવામાં આવ્યો. પ્રાંતિજ તથા પ્રાંતિજ પોલીસ સ્ટેશનની હદમાંથી ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીમાં પ્રાંતિજ તથા તાલુકામાંથી જુદા જુદા સ્થળોએથી ૯૬ ગુનાઓમા પકડાયેલ વિદેશી દારૂ ૭ આઈશર ૫૭,૩૬૧ બોટલ જેની કિંમત ૧,૩૪,૩૯,૮૩૯ જે પ્રાંતિજ પોલીસ દ્વારા પ્રાંતિજ એસડીએમ સોનલબા પઢેરીયાની નિગરાની હેઠળ હિંમતનગર ખાતે લઈ જઈ તેની ઉપર તંત્રનું બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું.